www.chipsairexp.com
CHIPS EXPRESS
પરદેશ પાર્સલ સેવા
chipsgnd@gmail.com
આરીયા-ધ બિઝનેસ હબ, શોપ નં. B-32, 'KH-O', સરગાસણ ૪ રસ્તા, ગાંધીનગર. M. 9227706105

પાટનગરનું પોતાનું અખબાર

ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૪) અંક નં. ૨૪૧ | ૧૩ નવેમ્બર, ૨૦૧૯, બુધવાર; કારતક વદ - ૧ | પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦

અંતે મહારાષ્ટ્રમાં રાષ્ટ્રપતિ શાસન

રાષ્ટ્રપતિ શાસન લાગૂ કરવાની કેબિનેટની ભલામણને મંજુરી : રાષ્ટ્રપતિ કોવિંદે સાંજે રાષ્ટ્રપતિ શાસન લાગૂ કર્યું : બેઠકોના દોર છેલ્લા ૨૦ દિવસ સુધી ચાલ્યા હોવા છતાં રાજ્યમાં સરકારની રચના કરવામાં નિષ્ફળતા

મુંબઈ, તા. ૧૨

મહારાષ્ટ્રમાં સરકારની રચનાને લઈને છેલ્લા ૨૦ દિવસથી ચાલી રહેલી ખેંચતાણ બાદ મહારાષ્ટ્રમાં હવે રાષ્ટ્રપતિ શાસન લાગૂ કરી દેવામાં આવ્યું છે. આગામી સરકારની રચના કરવાની સ્થિતિમાં કોઈપણ ચિત્ર સ્પષ્ટપણે ઉભરીને સપાટી ઉપર ન આવતા આખરે રાષ્ટ્રપતિ શાસન લાગૂ કરી દેવામાં આવ્યું છે. લોકોએ શિવસેનાને અનએ ભાજપને બહુમતિ આપીને સરકાર બનાવવાની તક આપી હતી પરંતુ મુખ્યમંત્રી પદના મુદ્દે ખેંચતાણ રહ્યા બાદ બંને પક્ષો અલગ થયા હતા અને શિવસેનાએ પોતે સરકાર રચવાના પ્રયાસો કર્યા હતા. ભારતીય જનતા પાર્ટીએ સરકાર રચવાના પ્રયાસો ન કરવાનો નિર્ણય કર્યા બાદ એનસીપી અને કોંગ્રેસ સાથે મળીને સરકાર રચવાના પ્રયાસો શિવસેનાએ જારી રાખ્યા હતા પરંતુ સફળતા ન મળતા આખરે કેન્દ્રીય કેબિનેટની બેઠકમાં રાષ્ટ્રપતિ શાસન લાગૂ કરવાની ભલામણ કરવામાં આવી હતી. આ ભલામણને રાષ્ટ્રપતિએ આજે મોડેથી સ્વિકારી લીધી હતી. આની સાથે જ રાષ્ટ્રપતિ શાસન લાગૂ થઈ ગયું છે. હવે રાષ્ટ્રપતિ શાસન લાગૂ કરવામાં આવ્યા બાદ મહારાષ્ટ્રના લોકો પાસેથી ફરીવાર મત માંગવાની જરૂર પડશે. સાથે સાથે આની મોટી કિંમત સામાન્ય

● અનુસંધાન પાન-૭ પર

રાજ્યપાલના ઈન્કારની સામે શિવસેના આખરે સુપ્રીમમાં

શિવસેના તરફથી કપિલ સિબ્બલ કેસ લડશે : રાજ્યપાલે આંકડા પુરવાર કરવાની તક પણ આપી નહીં

મુંબઈ, તા. ૧૨

મહારાષ્ટ્રમાં રાષ્ટ્રપતિ શાસન લાગૂ કરવા કેન્દ્રીય કેબિનેટની મંજુરી અને ત્યારબાદ રાષ્ટ્રપતિની મંજુરીને લઈને શિવસેનાએ નારાજગી વ્યક્ત કરી હતી અને સુપ્રીમ કોર્ટમાં અરજી દાખલ કરી દીધી હતી. શિવસેનાના વકીલ સુનિલ ફર્નાન્ડીઝ તરફથી અરજી દાખલ કરવામાં આવી હતી. શિવસેનાએ પોતાની અરજીમાં રાજ્યપાલ તરફથી પાર્ટીને સરકારની રચના કરવા માટે આપવામાં આવેલા સમયને નહીં વધારવાને લઈને પ્રશ્નો ઉઠાવ્યા છે.

સુત્રોના કહેવા મુજબ રાજભવને ગૃહમંત્રાલયને રાષ્ટ્રપતિની ભલામણ મોકલીને કહ્યું છે કે, મહારાષ્ટ્રમાં બંધારણ મુજબ સરકારની રચના કરવાની બાબત મુશ્કેલરુપ છે. આના ઉપર રાજ્યપાલ ભગતસિંહ કોશિયારીએ બંધારણની કલમ ૩૫૬નો ઉપયોગ કરીને રાજ્યમાં રાષ્ટ્રપતિ શાસન લાગૂ કરવાની ઈચ્છા વ્યક્ત કરી હતી. શિવસેનાએ સુપ્રીમ કોર્ટમાં અપીલ કરીને આની સામે વાંધો ઉઠાવ્યો છે.

શિવસેનાના સાંસદ અરવિંદ સાવંતનું રાજીનામું મંજુર

ન્યુ દિલ્હી,તા.૧૨

મહારાષ્ટ્રમાં સરકાર રચવા અંગેની મડાગાંઠ વચ્ચે એનડીએના સહયોગી દળ શિવસેનાના સાંસદે અરવિંદ સાવંતે સોમવારે કેન્દ્રીય મંત્રીમંડળમાંથી પોતાનું રાજીનામું આપ્યું હતું. રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદે તેમનું રાજીનામું તાત્કાલિક અસરથી સ્વીકારી લીધું હોવાનું રાષ્ટ્રપતિભવનના પ્રવક્તાએ જણાવ્યું હતું.

વડાપ્રધાનની સલાહ મુજબ રાષ્ટ્રપતિએ શિવસેનાના સાંસદ સાવંતનું રાજીનામું સ્વીકારી લીધું છે અને કેન્દ્રીય મંત્રી પ્રકાશ જાવડેકરને ભારે ઉદ્યોગ તેમજ જાહેર સાહસ વિભાગની વધારાની જવાબદારી સોંપવામાં આવી છે.

મહારાષ્ટ્રમાં રાજ્યપાલે ખુબ ઉતાવળમાં કામ કર્યું : કોંગ્રેસ

તમામ વિકલ્પ તરફ ગંભીર ધ્યાન આપ્યા વિના રાજ્યપાલે રાષ્ટ્રપતિ શાસન લાગૂ કરવા રાષ્ટ્રપતિને ભલામણ મોકલી

મુંબઈ, તા. ૧૨

કોંગ્રેસ પાર્ટીએ આજે કહ્યું હતું કે, રાજ્યપાલ ભગતસિંહ કોશિયારીએ સરકારની રચના કરવા માટે તમામ વિકલ્પોને ચકાસ્યા વગર મહારાષ્ટ્રમાં રાષ્ટ્રપતિ શાસન લાગૂ કરવાની ભલામણ કરતો તેમનો અહેવાલ મોકલવામાં ખુબ ઉતાવળ કરી હતી. શિવસેનાને સોમવારના દિવસે સરકારની રચના કરવાના તેના પ્રયાસોને મોટી પીછેહઠ સાંપડી હતી. કારણ કે, રાજ્યપાલે વધારે સમય આપવાનો ઈન્કાર કરી દીધો હતો. કોંગ્રેસ પાર્ટીએ પોતાની પ્રતિક્રિયા આપતા કહ્યું છે કે, રાષ્ટ્રપતિ શાસન લાગૂ કરવામાં આવ્યા બાદ સ્થિતિ વધારે જટિલ બની ગઈ છે. મહારાષ્ટ્ર કોંગ્રેસ પાર્ટીના પ્રવક્તા સચિન સાવંતે પત્રકારો સાથે વાતચીત કરતા કહ્યું છે કે, રાજ્યપાલે એનસીપીને આજે ૮.૩૦ વાગ્યાનો સમય આપ્યો હતો પરંતુ તે પહેલા જ રાષ્ટ્રપતિ શાસન લાગૂ કરવામાં આવ્યું છે. સરકાર રચવાની તક એનસીપીને આપવામાં આવી હતી પરંતુ રાજ્યપાલે રાષ્ટ્રપતિ શાસન લાગૂ કરવાની ભલામણ રાષ્ટ્રપતિને પણ મોકલી દીધી હતી.

ન્યુઝ ટ્રેક

પાક.માં ટામેટાં ૩૦૦ રૂપિયા પહોંચ્યા

ભારતમાં ડુંગળી મોંઘીદાટ થઈ છે તો પાકિસ્તાનમાં ટામેટાંનો ભાવ આસમાનને આંબે રહ્યો છે. અહીં ટામેટાની કિંમતમાં એક દિવસમાં રૂ. ૧૬૦નો વધારો થયો છે. તેના કારણે પાકિસ્તાનના ઘણા શહેરોમમં ટામેટાંની કિંમત રૂ. ૩૨૦ સુધી પહોંચી છે.

ઝારખંડમાં જેડીયુ એકલા લડશે

ઝારખંડમાં એકલા હાથે ચૂંટણી લડવાનું એલાન જેડીયુએ કર્યુ છે. વિધાનસભાની ચૂંટણી માટે પ્રથમ યાદી જાહેર કરવામાં આવી છે. પ્રથમ તબક્કાના મતદાનવાળી સીટો પર જેડીયુએ પોતાના ૨૨ ઉમેદવારો જાહેર કર્યા છે.

શિવસેનાના સાંસદ સંજય રાઉત હોસ્પિટલમાં

શિવસેના સાંસદ સંજય રાઉતની તબીયત લથડતા તેઓને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. તેમના હૃદયની બે નળીઓ બ્લોક હોવાથી તાકીદે એન્જિયોપ્લાસ્ટી કરવામાં આવી છે. તેમની તબીયત હવે સ્ટેબલ છે.

એકતાકપૂરને બિઝનેશ વુમનનો એવોર્ડ

નિર્માત્રી એકતાકપૂર હાલમાં ટીવી શૉ, ફિલ્મો અને વેબ સીરીઝના નિર્માણમાં વ્યસ્ત છે. તેને ફોર્ચ્યુન ઈન્ડિયા દ્વારા મોસ્ટ પાવરફુલ બિઝનેસ વુમન ઓફ ધ યરનો એવોર્ડ આપવામાં આવ્યો છે. આ સન્માન મેળવનારી તે એકમાત્ર ફિલ્મ નિર્માત્રી બની છે.

બાંગ્લાદેશમાં બે ટ્રેનો સામસામે અથડાઈ

બાંગ્લાદેશમાં મંગળવારે વહેલી સવારે એક ગોઝારી ટ્રેન દુર્ઘટનામાં બે ટ્રેનો સામસામે ધડાકાભેર અથડાતા ૧૫ લોકોનાં મોત થયા હતા તેમજ ૫૦થી વધુ લોકો ઈજાગ્રસ્ત થયા હોવાના અહેવાલ મળ્યા હતા. પ્રાપ્ત વિગતો મુજબ મધ્યપૂર્વ બાંગ્લાદેશના બ્રાહ્મણબારિયા જિલ્લામાં બે ટ્રોનો રાત્રે ૩.૩૦ વાગે સામે સામે ટકરાઈ હતી.

અયોધ્યામાં કાર્તિક પુર્ણિમાએ લાખો ભાવિકોની આસ્થાની ડૂબકી

શ્રદ્ધાળુઓનો જોરદાર ધસારો રહ્યો : અયોધ્યા મામલે સુપ્રીમ કોર્ટનો ચુકાદો આવ્યો હોવા છતાં શ્રદ્ધાળુઓ ઉત્સાહિત દેખાયા : સરયુ નદીના કિનારે સાવચેતીના પગલારૂપે મજબુત સુરક્ષા

અયોધ્યા,તા. ૧૨

રામની નગરી અયોધ્યામાં આજે કાર્તિક પુર્ણિમાના અવસર પર મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓ ઉમટી પડ્યા હતા. સવારથી જ સઘન સુરક્ષા વ્યવસ્થા વચ્ચે કાર્તિક પુર્ણિમાના અવસર પર કાર્તિક પુર્ણિમા સ્નાન માટે દુર દુરથી શ્રદ્ધાળુઓ પહોંચી ગયા હતા અયોધ્યા પહોંચી ગયેલા શ્રદ્ધાળુઓએ સરયુ નદીમાં આસ્થાની ડુબકી લગાવી હતી.

અલબત્ત રામ જન્મભૂમિ મામલે સુપ્રીમ કોર્ટ દ્વારા આપવામાં આવેલા ચુકાદાના કારણે કેટલાક નિયંત્રણો લાગુ હતા. જો કે શ્રદ્ધાળુઓમાં જોરદાર ધસારો જોવા મળ્યો હતો. ગયા વર્ષની તુલનામાં આ વખતે નિયંત્રણોના કારણે પ્રમાણમાં ઓછા શ્રદ્ધાળુઓ પહોંચ્યા હોવા છતાં સરયુ નદીના કિનારે હાઉસફુલની સ્થિતી જોવા મળી હતી. શનિવારના દિવસે રામજન્મભૂમિ મામલે સુપ્રીમ કોર્ટનો ચુકાદો આવ્યો હતો. જેથી સાવચેતીરૂપે સુરક્ષા રાખવામાં આવી રહી છે. સ્નાનના કારણે વહીવટીતંત્રે પુરતી કાળજી રાખી હતી. આજે સ્નાનના કારણે સુરક્ષા વ્યવસ્થા હળવી કરવામાં આવી હતી. શ્રદ્ધાળુઓને સરયુ નદી પર જવાની મંજુરી આપી હતી.

હવે, ઝારખંડમાં એલજેપી એકલા હાથે ચૂંટણી લડશે

ચૂંટણી પહેલા ઝારખંડમાં ભંગાણની સ્થિતી સર્જાઇ : ૫૦ સીટો પર ચૂંટણી માટે પોતાના ઉમેદવારોની જાહેરાત કરી : ટોકન સીટ પર ચૂંટણી લડવા ઇચ્છુક નથી : પાસવાન

રાંચી,તા. ૧૨

ઝારખંડમાં ભારતીય જનતા પાર્ટીના નેતૃત્વમાં એનડીએમાં તિરાડ પડી ગઈ છે. લોકજનશક્તિ પાર્ટી (એલજેપી)ના રાષ્ટ્રીય અધ્યક્ષ અને સાંસદ ચિરાગ પાસવાને જાહેરાત કરી છે કે એલજેપી આગામી ઝારખંડ વિધાનસભા ચૂંટણી એકલા હાથે લડશે. આજે મંગળવારના દિવસે જ પાર્ટી દ્વારા તેના ૫૦ સીટ માટેના ઉમેદવારોના નામની જાહેરાત કરવામાં આવી હતી. કેન્દ્રિય પ્રધાન રામવિલાસ પાસવાનના પુત્ર ચિરાગ પાસવાને કહ્યુ હતુ કે પાર્ટી પોતાની તાકાત મુજબ આગળ વધવા માટે ઈચ્છુક છે. ચિરાગને હાલમાં જ પાર્ટીના નવા અધ્યક્ષ તરીકે બનાવવામાં આવ્યા હતા. ચિરાગ પાસવાલ સતત બે વખત બિહારની જામુઇ લોકસભા સીટ પરથી સાંસદ તરીકે છે. ચિરાગ પાસવાને સોમવારના દિવસે પણ કહ્યુ હતુ કે ઝારખંડમાં પાર્ટી એકલા હાથે ચૂંટણી લડવા માટે ઈચ્છુક છે. ઈચ્છા મુજબ જ આજે ભારતીય જનતા પાર્ટીથી અલગ રહીને ચૂંટણી લડવા માટેની જાહેરાત કરવામાં આવી હતી. એલજેપી હજુ સુધી ભારતીય જનતા પાર્ટીના નેતૃત્વમાં એનડીએના હિસ્સા તરીકે હતી. એલજેપી દ્વારા ઝારખંડમાં એનડીએના સાથી પક્ષ તરીકે છ સીટોની માંગ કરી હતી. જો કે ભારતીય જનતા પાર્ટીએ સોમવારના દિવસે તેના ૫૨ ઉમેદવારોના નામ જાહેર કરી દીધા હતા.

ત્યારબાદ ચિરાગ પાસવાને કહ્યુ હતુ કે અમે ઝારખંડમાં એકલા હાથે ચૂંટણી લડીશુ. અમે આ વખતે ટોકન તરીકે આપવામાં આવેલી સીટો પર ચૂંટણી લડીશુ નહીં.

સીજેઆઈને આરટીઆઈ હેઠળ લાવવા સંદર્ભે આજે ચુકાદો

નવીદિલ્હી, તા. ૧૨

૭૦ વર્ષથી કાયદાકીય ગુંચમાં રહેલા અયોધ્યા મામલામાં ચુકાદો જાહેર કરવામાં આવ્યા બાદ હવે સુપ્રીમ કોર્ટ દ્વારા આવતીકાલે રાઈટ ટુ ઈન્ફોર્મેશન એક્ટ (આરટીઆઈ)ની સમીક્ષા હેઠળ ચીફ જસ્ટિસ ઓફ ઈન્ડિયા (સીજેઆઈ)ના હોદ્દાને લાવવાના દિલ્હી હાઈકોર્ટના આદેશને પડકાર ફેંકીને દાખલ કરવામાં આવેલી શ્રેણીબદ્ધ અરજીઓ ઉપર ચુકાદો આપનાર છે.

ચીફ જસ્ટિસ રંજન ગોગોઈના નેતૃત્વમાં પાંચ જજની બંધારણીય બેંચ દ્વારા આ અંગેનો ચુકાદો આવતીકાલે બપોરે ૨ વાગે જાહેર કરવામાં આવનાર છે. આ ચુકાદા ઉપર પણ કાયદાકીય નિષ્ણાતોની નજર કેન્દ્રીત રહી છે. પાંચ જજની બંધારણીય બેંચમાં અન્ય જે જજ રહેલા છે તેમાં જસ્ટિસ એનવી રમન્ના, જસ્ટિસ ડીવાય ચંદ્રચુડ, જસ્ટિસ દિપક ગુપ્તા અને જસ્ટિસ સંજીવ ખન્નાનો સમાવેશ થાય છે. ચુકાદાની જાહેરાતના સંદર્ભમાં નોટિસ આજે બપોરે સુપ્રીમ કોર્ટની સત્તાવાર વેબસાઈટ ઉપર મુકી દેવામાં આવી હતી. ચોથી એપ્રિલના દિવસે પાંચ જજની બેંચે સુપ્રીમ કોર્ટના સેક્રેટરી જનરલ અને તેના સેન્ટ્રલ પબ્લિક ઈન્ફોર્મેશન ઓફિસર દ્વારા વર્ષ ૨૦૧૦માં દાખલ કરવામાં આવેલી અરજી ઉપર તેનો ચુકાદો અનામત રાખ્યો હતો. દિલ્હી હાઈકોર્ટ અને સેન્ટ્રલ ઈન્ફોર્મેશન કમિશનના આદેશ સામે આ અપીલ કરવામાં આવી હતી.

કાશ્મીરના ગંદરબાલમાં એન્કાઉન્ટરમાં બે ઠાર

ઘટનાસ્થળ પરથી મોટી સંખ્યામાં હથિયારો કબજે કરાયા

શ્રીનગર,તા. ૧૨

જમ્મુ કાશ્મીરમાં ત્રાસવાદીઓની સામે સુરક્ષા દળોનુ ઓપરેશન ઓલઆઉટ જારી રહ્યુ છે. કાશ્મીર ખીણના ગન્દરબાલ વિસ્તારમાં અથડામણ દરમિયાન સુરક્ષા દળોને આજે મોટી સફળતા હાથ લાગી હતી. ચર્ચ ઓપરેશન હજુ પણ જારી છે. સવારે સાત વાગ્યાથી અથડામણ સ્થળ પર ગોળીબારની શરૂઆત થઈ હતી. કલાકો સુધી અથડામણ થયા બાદ બે ત્રાસવાદીઓને ઠાર કરી દેવામાં આવ્યા હતા. આજે સવારે ગંદરબાલના ગુન્ડમાં ત્રાસવાદીઓ એક ઘરમાં છુપાયા હોવાના હેવાલ મળ્યા બાદ કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. ત્યારબાદ સુરક્ષા દળોએ ત્યાં પહોંચીને વિસ્તારને ઘેરી લઈને તમામ કામગીરી હાથ ધરી હતી. ત્રાસવાદીઓની સામે ઓપરેશન હાથ ધરવામાં આવ્યા બાદ છુપાયેલા ત્રાસવાદીઓ દ્વારા ગોળીબાર કરવામાં આવ્યો હતો. જવાબી કાર્યવાહી પણ કરવામાં આવી હતી. જેમાં બે ત્રાસવાદીઓ માર્યા ગયા હતા. સેનાના એક જવાનને પણ ઈજા થઈ હતી. સોમવારના દિવસે પણ એક ત્રાસવાદી ઠાર થયો હતો. શ્રીનગરથી ૫૫ કિલોમીટરના અંતરે સ્થિત લાવદારા ગામમાં ત્રાસવાદીઓ અને સુરક્ષા દળો વચ્ચે અથડામણ થઈ હતી. જમ્મુ કાશ્મીરમાંથી કલમ ૩૭૦ની નાબુદી બાદથી મોટા પાયે ઓપરેશન સેના દ્વારા જારી રાખવામાં આવ્યા છે.

સેનાને આમાં મોટી સફળતા પણ મળી રહી છે. હાલમાં કટ્ટરપંથીઓ અને ત્રાસવાદીઓની સામે સેના અને સુરક્ષા દળો દ્વારા સકંમજબુત કરી દેવામાં આવ્યો છે.

ત્રાસવાદીઓ છેલ્લા કેટલાક સમયથી મોટા હુમલાને અંજામ આપવાના પ્રયાસ કરી રહ્યા છે પરંતુ તેમને સફળતા હાથ લાગી રહી નથી.

વિશાલ પંડ્યા (મો) ૯૮૨૪૦ ૫૯૬૩૫
કનૈયાલાલ પંડ્યા (મો) ૯૪૨૮૨ ૧૭૫૫૭
પ્રોડક્શન કંપનીના ભાવે
આકર્ષક લગ્ન કંકોત્રી
મેળવવાનું એક માત્ર સ્થળ
ઉંકાર ગ્રાફીક્સ & ઝેરોક્ષ
બી-૬, બેઝમેન્ટ, શ્રીનાથ કોમ્પલેક્ષ, ૧૭/૨૨ બસ સ્ટેન્ડ પાસે, સેક્ટર - ૨૨, ગાંધીનગર

ROOPKALA
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda, Sector - 21, Gandhinagar, Ph.232 48225